જા.નં/મા-૨/સ્પર્ધા/૨૦૨૧/ 12182

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩
અઠવાલાઇન્સ,સુરત.
તા.૧૯/૦૮/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

**વિષય** :- 'રાષ્ટ્રીય શાયર'ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતી વર્ષ નિમિત્તે ઝવેરચંદ મેઘાણી રચિત અને સંપાદિત કરેલ શૌર્યગીત અને લોકગીત સ્પર્ધા આયોજન બાબત.

**સંદર્ભ**:- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરનાં પત્ર ક્રમાંક નં.ઘ/માધ્ય પરચ/૨૦૨૧/૧૪૭૪૯ થી ૧૪૦૫૨ તા.૧૮/૦૮/૨૦૨૧

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ મેળવનાર સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક,સ્વાતંત્ર્ય સેનાની તેમજ સંનિષ્ઠ પત્રકાર એવા ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતી ૨૮ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ છે.જે અન્વયે તેમની ૧૨૫ મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે જિલ્લા તેમજ રાજય કક્ષાએ ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઝવેરચંદ મેઘાણી રચિત અને સંપાદિત કરેલ શૌર્યગીત અને લોકગીત સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે.

ઉપરોક્ત સ્પર્ધા અંતર્ગત દરેક શાળાએ પોતાની શાળામાં **તા.૨૧/૦૮/૨૦૨૧** સુધીમાં સ્પર્ધા પૂર્ણ કરી વિજેતા સ્પર્ધકને SVS કક્ષાએ જવાબદાર શિક્ષક સાથે મોકલી આપવાના રહેશે.

દરેક SVS એ **તા.૨૧/૦૮/૨૦૨૧**ના રોજ પોતાના SVS માં આવતી શાળાઓના વિજેતા સ્પર્ધક વચ્ચે ઉક્ત સ્પર્ધાનું આયોજન કરી SVS કક્ષાના વિજેતા સ્પર્ધક ને જવાબદાર શિક્ષક સાથે જિલ્લા લેવલની સ્પર્ધા માં **તા.૨૪/૦૮/૨૦૨૧** ના રોજ નીચે મુજબના સ્થળ,તારીખ અને સમયે ઉપસ્થિત થવાનું રહેશે.

**નોંધ:- આપને આ બાબતે કોઇ પ્રશ્ન હોય તો કચેરીના શ્રીમતી નિશાબેન.આર.સેલર - મ.શિ.નિરીક્ષક નોડલ અધિકારીનો સંપર્ક કરી શકો છો.(મો.૯૬૮૭૪૨૭૪૧૪)**

**સ્થળ:-સર વી.ડી.ટી.ગર્લ્સ હાઇસ્કુલ,(વનિતા વિશ્રામ)અઠવાલાઇન્સ,સુરત**

**સમય:-૧૧ : ૦૦ કલાકે**

**તારીખ:-૨૪/૦૮/૨૦૨૧**

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત

**નકલ રવાના:-**

- SVS કન્વીનરશ્રીઓ
- નોડલ ઓફિસરશ્રીઓ
- આચાર્યશ્રી, સર વી.ડી.ટી.ગર્લ્સ હાઇસ્કુલ,(વનિતા વિશ્રામ)અઠવાલાઇન્સ,સુરત

Scanned with CamScanner

ઈ-મેઈલ અગત્યનું

ક્રમાંક: ધ માધ્ય પરચ ૨૦૨૧ ૧૪૩૪૯-થી ૧૪૭૫૨

કમિશનર શાળાઓની કચેરી.
૯૧. ડૉ. જીવરાજ મહેતા ભવન.
ગુ.રા.. ગાંધીનગર.
તા૧૯૦૮૨૦૨૧

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
તમામ.

વિષય : 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતી વર્ષ નિમિત્તે ઝવેરચંદ મેઘાણી રચિત અને સંપાદિત કરેલ શૌર્યગીત અને લોકગીત સ્પર્ધાના આયોજન બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, 'રાષ્ટ્રીય શાયર' નું બિરૂદ મેળવનાર સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, સ્વાતંત્ર્ય સેનાની તેમજ સંનિષ્ઠ પત્રકાર એવા ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતી ૨૮ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ છે. જે અન્વયે તેમની ૧૨૫ મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ ધો.૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓ માટે ઝવેરચંદ મેઘાણી રચિત અને સંપાદિત કરેલ શૌર્યગીત અને લોકગીત સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે. જે અંતર્ગત તમામ જિલ્લાઓમાં તા.૨૪.૦૮.૨૦૨૧ ના રોજ જિલ્લા કક્ષાએ ઝવેરચંદ મેઘાણી રચિત અને સંપાદિત કરેલ શૌર્યગીત અને લોકગીત સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. આ સ્પર્ધામાં સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ભાગ લે તે અંગેના પ્રયત્નો આપશ્રીની કક્ષાએથી કરશો. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ મેળવનાર સ્પર્ધક વિદ્યાર્થીઓને અનુક્રમે રૂ.૫૦૦૦/-, રૂ.૩૦૦૦/- અને રૂ.૨૦૦૦/- નું ઈનામ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અંગેની ગ્રાંટ હવે પછી આપને ફાળવી આપવામાં આવશે.

જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર તમામ જિલ્લાના સ્પર્ધકો માટે તા.૨૬.૦૮.૨૦૨૧ ના રોજ રાજ્ય કક્ષાની શૌર્યગીત અને લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. રાજ્ય કક્ષાની સ્પર્ધાના સ્થળ, સમય અંગેની જાણ હવે પછી કરવામાં આવશે. રાજ્ય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવનાર સ્પર્ધકોને અનુક્રમે રૂ.૧૫૦૦૦/-, રૂ.૧૧૦૦૦/- અને રૂ.૫૦૦૦/- ઈનામ આપવામાં આવશે. ઉક્ત વિગત અન્વયે આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં આ અંગે જાણ કરવા તેમજ નિર્ણાયક તરીકે આપના જિલ્લાના તજજ્ઞોની ટીમ બનાવી જિલ્લા કક્ષાની સ્પર્ધાનું સુચારૂ અને વ્યવસ્થિત આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.. ગાંધીનગર

નકલ સવિનય રવાના

(1) માનનીય સચિવશ્રી,માનનીય મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય

(૨) અંગત સચીવશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય

(3) માન. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ

Scanned with CamScanner